SSP/FEB98/G/04/01/1200

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થા
# સત્સંગ શિક્ષણ પરીક્ષા
# સત્સંગ પ્રવેશ
# પ્રશ્નપત્ર - ૧

**સવારે ૯ થી ૧૧:૧૫]** **(રવિવાર, ૧૫ ફેબ્રુઆરી, ૧૯૯૮)** **કુલ ગુણ : ૭૫**

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

## વિભાગ - ૧ (નિલકંઠ ચરિત્ર)

**પ્ર.૧. નીચેનામાંથી કોઈ પણ બે અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. 'તે નીલકંઠ એવા કેવા મોટા છે ?'
૨. 'રામાયણની કથા કરો છો ને ધર્મ કેમ નથી પાળતા ?'
૩. 'તમારો સાચો ભાવ હશે તો તમને પ્રગટ પ્રભુ અહીં જ મળશે.'
૪. 'એમાં તો જીવ છે તે અમે નહીં તોડીએ.'

**પ્ર.૨. નીચેનામાંથી કોઈ પણ બે વિષે કારણો આપો. (બારેક લીટીમાં)** ૮

૧. મુક્તાનંદ સ્વામીએ બાઈઓને છેલ્લા રામ-રામ કહ્યા.
૨. ખેડૂત અને સાથીઓએ ચર્મવારિ પીવાનું બંધ કર્યું.
૩. નીલકંઠ વર્ણીએ સેવકરામનો ત્યાગ કર્યો.
૪. નીલકંઠ વર્ણીએ પોતાની વાણીને શાપ આપ્યો.

**પ્ર.૩. નીચેનામાંથી કોઈ પણ એકનું મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** ૪

૧. સહજાનંદ સ્વામીએ રામાનંદ સ્વામી પાસે માંગેલાં વરદાનો.
૨. પુલહાશ્રમમાં આકરું તપ.
૩. જાંબુવાનનું કલ્યાણ.

**પ્ર.૪. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૬

૧. કઈ તરફ જતાં નીલકંઠનો હિમાલય સાથે મેળાપ થયો ?
૨. લખુ ચારણે નીલકંઠ પાસે શું માંગ્યું ?
૩. રામાનંદ સ્વામીએ નીલકંઠને દીક્ષા આપી શું નામ આપ્યાં ?
૪. ભગવાનદાસની માં એ ભગવાન ઓળખવા તેને કઈ નિશાની આપી ?





૫. રામાનંદ સ્વામી જ્યાં જ્યાં જતા ત્યાં શું વાત કરતા ?
૬. નીલકંઠે કેટલો સમય વન વિચરણ કર્યું ?

**પ્ર.૫. નીચેનામાંથી કોઈપણ એક વિષે ટૂંકનોંધ લખી તેનો ભાવાર્થ લખો. (બારેક લીટીમાં)** ૪

૧. હનુમાનજીની સેવા.
૨. જમાદારને સમાધિ.
૩. કપિલ આશ્રમમાં નીલકંઠ.

**પ્ર.૬. નીચેનાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો.** ૪

૧. નીલકંઠે .................................... માં રથયાત્રાનો ઉત્સવ કર્યો.
૨. રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીની આરતી ............................. માં ઉતારી.
૩. નીલકંઠ વર્ણી અને મુક્તાનંદ સ્વામીએ ................................. સાથે પત્રો રામાનંદ સ્વામી પર મોકલ્યો.
૪. નીલકંઠ લોજમાં સં. .......................... માં ........................ માસમાં પધાર્યા.

## વિભાગ - ૨ (સત્સંગ વાચનમાળા - ભાગ-૧)

**પ્ર.૭. નીચેનામાંથી કોઈપણ બે અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ' મારે તો બ્રહ્મચર્ય પાળીને ભગવાન ભજવા છે.'
૨. 'આ નાનો સાધુ બ્રહ્મ છે અને ઉપર બેઠો તે ઢગો બ્રહ્મ છે.'
૩. 'હું કાલે ધામમાં જવાનો છું, તો વિમાન તૈયાર રાખજો.'
૪. 'શ્રીજીમહારાજને રાજી કરવા લખ્યું હતું.'

**પ્ર.૮. નીચેનામાંથી કોઈપણ બે કારણો આપો. (બારેક લીટીમાં)** ૮

૧. મહારાજે વડતાલમાં દિવ્ય હોળી ઉત્સવ કર્યો.
૨. મહારાજે પંચાળામાં માંદગીની લીલા સંકેલી લીધી.
૩. શાસ્ત્રીજી મહારાજ રાજી થઈને આશાભાઈને ભેટી પડ્યા.
૪. નિર્ગુણદાસ સ્વામી પ્રત્યે સૌને ભાવ થતો.

**પ્ર.૯. નીચેનામાંથી કોઈપણ એક વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** ૪

૧. બ્રહ્માનંદ સ્વામીની શીઘ્ર કવિત્વ શક્તિ.
૨. મહારાજે કરેલી શુક મુનિની સમય - સમયની સંભાવના.
૩. જીવુબાની ભક્તિ.

**પ્ર.૧૦. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** **૬**

૧. કવિ દલપતરામ કોના શિષ્ય હતા ?
૨. ભગતજી મહારાજે જેઠા ભગતને શું વરદાન આપ્યું ?
૩. ઝીણાભાઈએ કયા હરિભક્તની ખૂબ સેવા કરી ?
૪. કઈ ત્રણ વસ્તુ મહારાજના ખૂબ ઉપયોગમાં આવી ?
૫. વિપ્ર જગન્નાથને કોણે દીક્ષા આપી ?
૬. બ્રહ્માનંદ સ્વામીએ રચેલા કોઈપણ બે ગ્રંથ લખો ?

**પ્ર.૧૧. નીચેનામાંથી કોઈપણ એક વિષે ટૂંકનોંધ લખી તેનો ભાવાર્થ લખો. (બારેક લીટીમાં )** **૪**

૧. નિર્ગુણદાસ સ્વામીનો સત્સંગ પ્રચારમાં ફાળો.
૨. દેવાનંદ સ્વામીની ગાન વિદ્યા.
૩. શ્રીજીમહારાજે પંચાળામાં કરેલ પુષ્પ દોલોત્સવ.

## વિભાગ - ૩ (નિબંધ)

**પ્ર.૧૨. નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે ૪૫ લીટીમાં નિબંધ લખો.** **૧૫**

૧. નીલકંઠની કલ્યાણ ભાવના.
૨. પ્રમુખ સ્વામી મહારાજની સાધુતા.
૩. સંસ્થાની બાળ વિકાસ પ્રવૃત્તિ.